Signature of Invigilators

1. ..................................

2. ..................................

# GUJARATI
# PAPER–III

# DEC–08/06

Roll No. ☐☐☐☐☐
(In figures as in Admit Card)

Roll. No. ..................................

..................................
(in words)

Name of the Areas/Section (if any)..................

**Time Allowed : 2-1/2 hours]** **[Maximum Marks : 200**

**Instructions for the Candidates**

1. Write your Roll Number in the space provided on the top of this page.
2. Write name of your Elective/Section if any.
3. Answer to short answer/essay type questions are to be written in the space provided below each question or after the questions in test booklet itself. No additional sheets are to be used.
4. Read instructions given inside carefully.
5. Last page is attached at the end of the test booklet for rough work.
6. If you write your name or put any special mark on any part of the test booklet which may disclose in any way your identity, you will render yourself liable to disqualification.
7. Use of calculator or any other Electronics Devices is prohibited.
8. There is no negative marking.
9. You should return the test booklet to the invigilator at the end of the examination and should not carry any paper outside the examination hall.

**પરીક્ષાર્થીઓ માટે સૂચનાઓ :**

૧. આ પૃષ્ઠના ઉપલા ભાગે આપેલી જગ્યામાં તમારી ક્રમાંક સંખ્યા (રોલ નંબર) લખો.
૨. તમે જે વિકલ્પનો ઉત્તર આપો તેનો સ્પષ્ટ નિર્દેશ કરો.
૩. ટૂંકનોંધ કે નિબંધ પ્રકારના પ્રશ્નોના ઉત્તર દરેક પ્રશ્નની નીચે આપેલી જગ્યામાં જ લખો. વધારાના કોઈ કાગળનો ઉપયોગ કરશો નહીં.
૪. અંદર આપેલી સૂચનાઓ ધ્યાનથી વાંચો.
૫. આ ઉત્તર પોથીમાં અંતે આપેલું પૃષ્ઠ કાચા કામ માટે છે.
૬. આ ઉત્તર પોથીમાં ક્યાંય પણ તમારી ઓળખ કરાવી દે એવી રીતે તમારું નામ કે કોઈ ચોક્કસ નિશાની કરી હશે તો તમને આ પરીક્ષા માટે ગેરલાયક ગણવામાં આવશે.
૭. કેલક્યુલેટર અથવા ઈલેક્ટ્રોનિક્સ સાધનોનો ઉપયોગ કરવો નહીં.
૮. નકારાત્મક ગુણાંક પદ્ધતિ નથી.
૯. પ્રશ્નપત્ર લખાઈ રહે એટલે આ ઉત્તર પોથી તમારા નિરીક્ષકને આપી દેવી. પરીક્ષાખંડની બહાર કોઈ પણ પ્રશ્નપત્ર લઈ જવું નહીં.

**FOR OFFICE USE ONLY**
**MARKS OBTAINED**

| Question Number | Marks Obtained | Question Number | Marks Obtained | Question Number | Marks Obtained |
|---|---|---|---|---|---|
| 1. | | 18. | | | |
| 2. | | 19. | | | |
| 3. | | 20. | | | |
| 4. | | 21. | | | |
| 5. | | 22. | | | |
| 6. | | 23. | | | |
| 7. | | 24. | | | |
| 8. | | 25. | | | |
| 9. | | 26. | | | |
| 10. | | | | | |
| 11. | | | | | |
| 12. | | | | | |
| 13. | | | | | |
| 14. | | | | | |
| 15. | | | | | |
| 16. | | | | | |
| 17. | | | | | |

Total Marks obtained ..................................

Signature of the co-ordinator ....................
(Evaluation)

SEAL

**GUJARATI** | **ગુજરાતી**

**PAPER - III** | **પેપર - III**

નોંધ : આ પ્રશ્નપત્રમાં ચાર વિભાગો છે. તમારે બધા વિભાગોના પ્રશ્નોના જવાબો લખવાના છે.

---

## SECTION I

નીચે આપેલા પરિચ્છેદનો અભ્યાસ કરી પ્રશ્નોના ઉત્તર લખો :
(દરેક જવાબ ૩૦ શબ્દમાં હોવો ઘટે). 5 × 5 = 25

'છઠ્ઠા દાયકાના પૂર્વાર્ધમાં આપણે ત્યાં આધુનિકતાવાદનું આંદોલન જન્મ્યું. એના મુખ્ય પ્રણેતા અને આંદોલનકાર સુરેશ જોષી હતા, પણ તરુણ પેઢીના બીજા અનેક લેખકો એમાં સહભાગી બન્યા. સુરેશ જોષીએ જે સમયે નવી કળાવિચારણા રજૂ કરી તેમાં પશ્ચિમના નવ્ય વિવેચનને અભિમત રૂપવાદ મુખ્ય ભૂમિકારૂપે રજૂ થયો હતો. જો કે તેમની વિચારણામાં રૂપવાદની સાથે સંકળાઈને કે કંઈક અલગ રીતે પ્રતીકવાદ, અસ્તિત્વવાદ, એબ્સર્ડ અને અમૂર્ત કળાવાદનાં વિચારવલણોય પ્રતિષ્ઠિત થતાં રહ્યાં. પરંપરાગત સાહિત્યવિચારથી સાવ ભિન્ન ભૂમિકા તેમણે રજૂ કરી. એમાં 'શુદ્ધ કળા' કે 'શુદ્ધ કવિતા' માટે રજૂઆત હતી. નિર્મિતને અનુષંગે ભાષાકર્મ/કવિકર્મ, રચનારીતિ અને રચના પ્રયુક્તિઓ, કલ્પનો/પ્રતીકો, સ્વપ્ન, કપોલકલ્પિત જેવી વાસ્તવિકતા એમ અનેક પાસાંઓનો તેમણે સૂક્ષ્મદૃષ્ટિએ વિચાર કર્યો. સુરેશ જોષીના કાવ્યવિચારમાં પરિચિત જગતનાં સંવેદનો, અનુભવો, વિચારધારાઓ સર્વ કાચી સામગ્રી રૂપ છે. સર્જનની પ્રક્રિયા દ્વારા એનું જે અંતિમરૂપ સિદ્ધ થાય છે તેમાં એવાં કોઈ તત્વોની અલગ સત્તા સંભવતી નથી. સુરેશ જોષીએ ટૂંકીવાર્તાની નવી વિભાવના રજૂ કરી તેમાં મોટો ભાર રૂપનિર્મિત અને ટેકનિક પર પડયો. એની અંતર્ગત વિષયવસ્તુના નિગરણની અને ઘટનાના હ્રાસની ચર્ચા કરી.'

1. નવી કળાવિચારણાની ભૂમિકા સ્પષ્ટ કરો.

2. કાવ્યનિર્મિતિની રચના પ્રયુક્તિઓ વર્ણવો.

3, સુરેશ જોષીની કાવ્યવિચારણાના વિશેષો દર્શાવો.

4. સુરેશ જોષીનો શુદ્ધ કળા વિશેનો ખ્યાલ સ્પષ્ટ કરો.

5. સુરેશ જોષીની ટૂંકી વાર્તાની વિભાવનાનું કેન્દ્ર સ્પષ્ટ કરો.

## SECTION II

નીચે આપેલા પંદર પ્રશ્નોના માગ્યા પ્રમાણે ઉત્તરો લખો.
(પ્રત્યેક ઉત્તર 30 શબ્દોમાં હોવો ઘટે) 15×5=75

6. ખંડકાવ્યનાં મહત્વનાં લક્ષણો જણાવો.

7. વક્રોક્તિના પ્રકારો વર્ણવો.

8. ટ્રેજેડીના ઘટકો વર્ણવો.

9. રામનારાયણ પાઠકની કાવ્ય વિભાવના સ્પષ્ટ કરો.

10. લોકસાહિત્ય અને સંતસાહિત્ય વચ્ચેનો ભેદ દર્શાવો.

11. આધુનિકતાવાદનાં લક્ષણો વર્ણવો.

12. ગુજરાતી ભાષામાં પ્રયોજાતા દશ દેશ્ય શબ્દો લખો.

13. પાંચ ભારતીય નવલકથાઓ અને તેના લેખકોનાં નામ જણાવો.

14. પાંચ ગુજરાતી આધુનિક એકાંકી અને એકાંકીકારોનાં નામ આપો.

15. ગાંધીયુગની દશ મહત્વની કૃતિઓનાં નામ આપો.

16. ભાષાનું કાર્ય વર્ણવો.

17. લક્ષણા પ્રવર્તનની શરતો દર્શાવો.

18. કલ્પન અને પુરાકલ્પન વચ્ચેનો ભેદ સમજાવો.

19. રૂપરચનાવાદનાં મહત્વનાં ગૃહીતો સમજાવો.

20. લલિત નિબંધની સ્વરૂપગત વિશેષતાઓ જણાવો.

## SECTION III

આ વિભાગમાં પાંચ પ્રશ્નોનું એક એવાં પાંચ પ્રશ્નજૂથો છે. કોઈપણ એક પ્રશ્નજૂથ (૨૧ થી ૨૫) પસંદ કરી એના પ્રશ્નોના ઉત્તરો (પ્રત્યેક પ્રશ્નોત્તર ૨૦૦ શબ્દોમાં હોય એ રીતે) લખો. **12×5=60**

21. કોઈપણ બે સંસ્કૃત કાવ્યાચાર્યોએ નિર્દેશેલ રસનિષ્પત્તિની પ્રક્રિયા સમજાવો.
22. પ્લેટોએ કરેલા કવિતા સામેના આક્ષેપો દર્શાવો.
23. વિવેચક રમણભાઈ નીલકંઠનું પ્રદાન દર્શાવો.
24. કાલિદાસકૃત 'મેઘદૂત'ની વિશેષતાઓ ઓળખાવો.
25. વાર્તાકાર ઉમાશંકર જોશીની વિશેષતાઓ વર્ણવો.

**અથવા**

21. મમ્મટે દર્શાવેલાં કાવ્યપ્રયોજનો વર્ણવો.
22. સોરઠી અને સુરતી બોલીની લાક્ષણિકતાઓ વર્ણવો.
23. પ્રમોદકુમાર પટેલનું ગુજરાતી વિવેચન ક્ષેત્રનું પ્રદાન દર્શાવો.
24. 'સ્વર્ગેર નીચેર માનુષ' નવલકથાના વિશેષો વર્ણવો.
25. 'માનવીની ભવાઈ' નવલકથાનાં નારી પાત્રોનો પરિચય આપો.

**અથવા**

21. લોકકથાના સ્વરૂપનો પરિચય આપો.
22. 'ફાઉસ્ટ'ની કૃતિગત વિશેષતાઓ વર્ણવો.
23. ગુજરાતી ભાષાનાં શબ્દભંડોળ વિશે નોંધ લખો.
24. સંશોધન પ્રકૃતિમાં ક્ષેત્રકાર્યનું મહત્વ દર્શાવો.
25. તુલનાત્મક સાહિત્યમાં પરંપરા અને સાદૃશ્યનું મહત્વ દર્શાવો.

**અથવા**

21. આખ્યાનના સ્વરૂપનો પરિચય આપો.
22. 'એગેમેમ્નોન' નાટ્યકૃતિ તરીકે વિશેષતાઓ વર્ણવો.
23. પાંચ ભાષાવિજ્ઞાનીઓ અને તેમનાં મહત્વના ગ્રંથોનો પરિચય આપો.
24. મધ્યકાલીન કૃતિના પાઠનિર્ણયનું સ્વરૂપ સમજાવો.
25. 'સંસ્કાર' નવલકથાનો ધ્વનિ સ્પષ્ટ કરો.

**અથવા**

21. ગઝલની સ્વરૂપગત લાક્ષણિકતાઓ વર્ણવો.
22. 'માદામ બોવરી' કૃતિની વિશેષતાઓ દર્શાવો.
23. 'અથવા' સંગ્રહમાંથી પ્રગટતી આધુનિક સંવેદનાનું વર્ણન કરો.
24. વિવેચક શિરીષ પંચાલનો પરિચય આપો.
25. પંડિતયુગને ઘડનારાં પરિબળોનો પરિચય આપો.